મેઘરજ પંથકમાં વાઘ ફરતો હોવાની લોક વાયકા

માલપુરના મેવડા ગામે હિંસક પ્રાણીને પશુનું મારણ કરતા ફફડાટ

મોડાસા, તા.૨૮ અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં નિશાચર પ્રાણીઓ માનવ વસ્તી તરફ દેખા દેતા પ્રજાજનોમાં આહટ ઉભી થઈ છે છેલ્લા ૧૫ દિવસ થી મેઘરજ પંથકમાં વાઘ ફરતો હોવાનો અને રોડ પરથી પસાર થતા રાહદારીઓએ વાઘ જોયો હોવાની લોક વાયકાને વનવિભાગ તંત્ર વાઘ નહિ પણ દીપડો હોઈ શકે છે તેવું સ્પષ્ટ માની રહ્યું છે મેઘરજના બેહડજ વિસ્તારમાં ફરતા હિંસક પ્રાણીને પાંજરે પુરાવા પાંજરું પણ મુકવાનું મુનાસીબ ન સમજતા મેઘરજ નજીક માલપુર તાલુકાના મેવડા ગામે શનિવારે રાત્રે ગામમાં હિંસક પ્રાણી ત્રાટકી વાછરડાનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે.

માલપુરના મેવડા ગામે શનિવારે રાત્રે જગદીશભાઈ રમણભાઈ પટેલના ઘર આગળ તબેલામાં બાંધેલા પશુઓ માંથી ખૂંટે બાંધેલા ગાયના વાછરડાને હિંસક પ્રાણી ખેંચી જઈ નજીક જંગલમાં જઈ મારણ કરતા પશુપાલકો અને ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો ભિલોડા અને શામળાજી પંથકમાં પણ પશુઓનું મારણ કરી હાહાકાર મચાવતા દીપડાને પાંજરે પુરવામા નિષ્ફળ રહેલું તંત્ર મેઘરજ-માલપુર પંથકમાં ભયનો માહોલ સર્જનાર હિંસક પ્રાણીને પાંજરે પુરાવામાં આવેની માંગ પ્રબળ બની છે

જીલ્લા વહીવટી તંત્રએ હવામાન વિભાગની અતિ ભારે વરસાદની આગાહીના પગલે તમામ અધિકારીઓની રજા રદ કરી સતર્ક રહેવાની સૂચના આપી હોવા છતાં માલપુરના મેવડા ગામે હિંસક પ્રાણીએ વાછરડાનું મારણ કરતા ગ્રામજનોમાં દહેશત ફેલાતા ગામના જાગૃત નાગરિકોએ વનવિભાગ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા ફોન ઉપાડવાની તસ્દી ન લેતા લોકોમાં રોષ ફાટી નીકળતા વનવિભાગ મંત્રી અને ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતા ગાઢ નિંદ્રામાં પોઢેલું વનવિભાગ તંત્રના અધિકારીઓ દોડતા થયા હતા અને મેવડા ગામે પહોંચી તપાસ આદરી હિંસક પ્રાણીને પાંજરે પુરાવા પાંજરું મુકવા કામગીરી હાથધરી હતી

મેઘરજના પીસાલ ગામે નર્મદા પાણીની પાઈપલાઈનમાં ભંગાણ : છેલ્લા એક માસથી પાણીનો વેડફાટ

મેઘરજ, ૨૮ અરવલ્લી જીલ્લા સહિત ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં મેઘરાજા વરસ્યા નથી. વરસાદ ન થવાને કારણે ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતા જગતનો તાત મુંઝવણમાં મુકાઈ ગયો છે તો બીજી બાજુ માનવીય બેદરકારીના પગલે જીલ્લામાં ઠેર ઠેર પાણીનો વેડફાટ થતા જિલ્લાવાસીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

અરવલ્લી જીલ્લા સહીત મેઘરજમાં એક બાજુ પ્રજા પાણી માટે વલખા મારી રહી છે અને દુર દુર સુધી પાણી ભરવા જવુ પડે છે બીજીબાજુ પીસાલ ગામે પ્રજાપતિ ફળીમાં એસકે.૩ યોજનાની ઘેર ઘેર કનેક્શનની પાણીની પાઈપ લાઈનમાં છેલ્લા એક માસથી ભંગાણ સર્જાતા લાખો લીટર પાણીનો વ્યય થઈ રહ્યો છે જેનાથી ગામમાં પાણીના ખાબોચિયા ભરાતા અને કાદવ કીચડ થતા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે પાણીનો વ્યવ અટકાવવા ગ્રામજનોએ વારંવાર પંચાયતને રજુઆત કરી છે પણ તંત્રના પેટમાંથી પાણી પણ હલતુ ન હોવાથી પંચાયતના આવા મનસ્વી વલણ સામે અછતના સમયમાં પાણીનો વ્યય થતા ગ્રામજનોમાં રોષ ફેલાયો છે ત્યારે તંત્ર ધ્વારા તાકીદે પાણીની પાઈપ લાઈનમાં સર્જાયેલ ભંગાણનુ મરામત કરી પાણીનો વ્યય અટકાવવામાં આવે તેવી ગ્રામજનોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

અરવલ્લી જીલ્લા કલેક્ટરે બહાર પાડેલ જાહેરનામામાંથી જીલ્લાના ટ્રક માલિકોને બાધીત રાખવા આવેદન પત્ર આપ્યું

મોડાસાથી કપડવંજ માર્ગ ઉપર દોડતા ૯૫ ટકા ટ્રકો પરપ્રાંતના અરવલ્લીમાં ટ્રાન્સ્પોર્ટના ધંધા ઉપર માઠી અસર પડવા અંગે રજૂઆત

મોડાસા, તા.૨૮ અરવલ્લી જિલ્લા કલેક્ટરે તાજેતરમાં જાહેરનામુ બહાર પાડ્યું હતું. જેમાં દર્શાવ્યું હતું કે ભારે વાહનોએ સવારના ૬ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી મોડાસા, ધનસુરા, બાયડ, સાઠંબા, કપડવંજ માર્ગ પર પરિવહન કરવું નહીં. જેના પગલે મોડાસા વિભાગની વિવિધ ટ્રાન્સ્પોર્ટ સંસ્થાઓએ આ જાહેરનામામાં ફેરફાર કરવા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સોસાયટી.લી ના ચેરમેન અબ્દુલ રઝાક ટીંટોઈયાએ જીલ્લા કલેક્ટર સમક્ષ જીલ્લામાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓને ન્યાય આપવા માંગ કરી હતી

તાજેતરમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર એમ.નાગરાજને એક જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામુ જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ અને વિવિધ સામાજીક આગેવાનોની રજૂઆતોના પગલે પૂર્ણ અભ્યાસ કર્યા બાદ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેનામા અનુસાર મોડાસાથી કપડવંજ સુધીના માર્ગ પર દોડતા ભારે વાહનોને સવારે છ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી પરિવહન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જાહેરનામુ બહાર પાડવા માટેનું મોટું કારણ જોઈએ તો આ માર્ગ પર છેલ્લા સાત વર્ષમાં થયેલા જીવલેણ અકસ્માતો કહી શકાય. છેલ્લા સાત વર્ષમાં ૪૦૦થી વધુ માનવમૃત્યુ અકસ્માતમાં થયા છે. જ્યારે નાની મોટી ઈજાઓના અસંખ્ય બનાવો સરકારી ચોપડે નોંધાયા છે. ત્યારે જનહિતમાં બહાર પાડવામાં આવેલા જાહેરનામાની કેટલીક અસરો પણ સ્થાનિક ટ્રક માલિકો અને ટ્રાન્સ્પોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલાને પડવાની છે. જેની સામે મોડાસા વિભાગ મોટર ટ્રાન્સ્પોર્ટ એસોશીયેશન, ધી મોડાસા ડીવીઝન ગોટ્સ ટ્રાન્સ્પોર્ટ ઓનર્સ એસોશીયેશન, ધ ટ્રક ટ્રાન્સ્પોર્ટ કો.ઓ.ઓફ મોડાસા અને ધી મોડાસા રોડ ટ્રાન્સ્પોર્ટ કો.ઓ.સોસાયટી જેવી સંસ્થાઓએ જાહેરનામામાં ફેરફાર કરવા રજૂઆત કરી છે. તેઓની રજૂઆત અનુસાર મોડાસામાં તેમજ આસપાસના વિસ્તારોમાંથી ટ્રક વ્યવસાય સાથે સંકળાયેલા અનેક લોકો રોજગારી મેળવે છે. અને મોડાસામાં મોટા ધંધાર્થીઓના ત્યાંથી પણ માલની હેરાફેરી ટ્રકો મારફતે જ કરવામાં આવે છે ત્યારે આ જાહેરનામાથી વહેલી સવારથી મોડી રાત સુધી ધંધા ઠપ્પ થઈ જવાની પુરી શક્યતા રહેલી છે ત્યારે આ મામલે જિલ્લા કલેક્ટર ઘટતી તપાસ કરી જાહેરનામામાં ફેરફાર કરે તે માટે ઉપરોક્ત તમામ સંસ્થાઓએ એક આવેદનપત્ર અરવલ્લી જિલ્લા કલેક્ટરને આપ્યું હતું.

પાલનપુર ખાતે કલેકટરના હસ્તે જળ સંચય જાગૃતિ પ્રદર્શન ખુલ્લુ મુકાયું

પાલનપુર, તા.૨૮ જળ શકિત અભિયાન અંતર્ગત પાલનપુર મુકામે શ્રી કે. મા. ચોકસી પ્રા. શાળા ખાતે જળસંચય જાગૃતિ પ્રદર્શનને કલેકટર સંદીપ સાગલેના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. તેમજ આ પ્રસંગે યોજાયેલ વિધાર્થીઓની રેલીને કલેકટરએ પ્રસ્થાન કરાવ્યું હતું.

પ્રાસંગીક પ્રવચન કરતાં કલેકટર સંદીપ સાગલેએ જણાવ્યું કે જળ શકિત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જીલ્લામાં જળસંચય માટે લોકોની જાગૃતિ વધારવા તેમજ પરિણામદાયી પ્રયાસો થાય તે માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. કલેકટરશ્રીએ જળ શકિત અભિયાનમાં સૌને જોડાવવા અનુરોધ કરતાં જણાવ્યું કે પરિવાર અને સમાજમાં સુખ-સમૃધ્ધિ વધારવા તથા ભવિષ્યની પેઢીઓને વારસામાં પાણીના સમૃધ્ધ જળભંડારો આપવા માટે આપણે પાણીનો કાળજી અને કરકસરપૂર્વક ઉપયોગ કરીએ તથા વરસાદના વહી જતા પાણીનો જળસંચય કરીએ તે ખુબ જ જરૂરી છે. પાણી એ કુદરતની અમૂલ્ય સંપત્તિ છે જેનું આપણે સૌ સાથે મળી જતન કરીએ. વૃક્ષોનો ઉછેર અને પાણીનું જળસંચય કરી આપણે પર્યાવરણની સમતુલા જાળવીએ એમ કલેકટરએ જણાવ્યું હતું.

આ પ્રસંગે જી. પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પ્રજાપતિ, તાલુકા વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સહીત શાળાના આચાર્ય, શિક્ષકો અને વિશાળ સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટીંટોઈ ગામે નિર્માણ પામનાર આરોગ્ય સબ સેન્ટરનું ભૂમિ પૂજન વિવાદનું કેન્દ્ર

જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ.ચિરાગ ઉપાધ્ય અને જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્મા ની જાણ બહાર ભૂમિ પૂજન

મોડાસા, તા.૨૮ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે મેરાજીયા વિસ્તારમાં ૨૩ લાખના ખર્ચે નવનિર્માણ પામનાર આરોગ્ય સબ સેન્ટરના ભૂમિ પૂજનમાં ગામના સરપંચ અને ટીંટોઈ આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરે કેટલાક આગેવાનો સાથે ભેગા મળી, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ.ચિરાગ ઉપાધ્યાય,જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્મા સ્થાનિક જીલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી અને તાલુકા પંચાયત સદસ્યોની જાણ બહાર ભૂમિ પૂજન થતા સમસમી ઉઠ્યા હતા.

અરવલ્લી જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ.ચિરાગ ઉપાધ્યાય અને જીલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભીએ ટીંટોઈ સબ સેન્ટરના ભૂમિ પૂજનમાં અવગણના થતા જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીને લેખિત રજુઆત કરી હતી.

જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ.ચિરાગ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, ૧૮ જુલાઈ એ ટીંટોઈ આરોગ્ય સબસેન્ટરનું બાંધ કામ શરુ કરી દેવામાં આવ્યું હતું તેમ છતાં ભૂમિ પૂજન ૨૪ જુલાઈએ જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિનો હું ચેરમેન હોવા છતાં મારી જાણ બહાર કઈ રીતે કરવામાં આવ્યું એ રમૂજ ઉપજાવવા જેવી વાત હોવાનું જણાવી જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા આરોગ્ય અધિકારીને લેખિત રજુઆત કરી હોવાનું અને જવાબદારો સામે યોગ્ય પગલાં ભરવામાં આવેની માંગ કરી હતી.

જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માના જણાવ્યા અનુસાર, ટીંટોઈ પ્રાથમિક આરોગ્યના નવીન સબ સેન્ટર મેરાજીયાનું ૨૪ જુલાઈએ ઉપરી અધિકારીની પૂર્વ મંજૂરી તથા કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરે ખાતમુહર્ત કરી દીધાની જાણ થતા મેડિકલ ઓફિસરને નોટિસ આપવામાં આવી હોવાનું અને ૩ દિવસમાં ખુલાસો મંગાવામાં આવ્યો હોવાનું અને ૩ દિવસમાં મેડિકલ ઓફિસર ખુલાસો કરવામાં નિષ્ફળ રહેશેતો આગળની કાર્યવાહી કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

ચાંપલાનારના યુવકના મોતના રહસ્યને શોધવા પોલીસની મથામણ

હિંમતનગર,તા. ૨૮ ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ચાંપલાનાર ગામના એક ૨૪ વર્ષીય યુવાનની વાવડીની સીમમાં આવેલ એક ઝાડ પરથી લટકતી લાશ મળી આવ્યા બાદ ગાંભોઈ પોલીસે તેના મોતનું રહસ્ય શોધવા માટે શનિવારે મૃતકનો મોબાઈલ કબ્જે લઈ તેની ઝીણવટભરી તપાસ હાથ ધરીને મૃતકના પરિવારજનોના નિવેદનો લેવાનું શરૂ કર્યું છે.

આ અંગે ગાંભોઈ પીએસઆઈ એ.જે. દેસાઈના જણાવ્યા મુજબ વાવડી ગામની સીમમાંથી ઝાડ પર લટકતી લાશ મળી આવ્યા બાદ તેની ઓળખ થતા મૃતક ચાંપલાનાર ગામના કૌશિક અમૃતભાઈ પ્રણામી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાશનું પીએમ કરાયા બાદ તેની લાશ કેટલા વિવાદ બાદ મૃતકના પરિવારજનોએ સ્વીકારી હતી.

દરમિયાન વિવાદ બાદ કૌશિક પ્રણામીના મોતનું રહસ્ય શોધવા માટે ગાંભોઈ પોલીસે શનિવારે કૌશિક પ્રણામીનો મોબાઈલ કબ્જે કરી તેની જીણવટભરી તપાસ આદરી છે. ઉપરાંત મૃતકના પરિવારજનો તથા કેટલાક લોકોના નિવેદનો લેવાનું શરૂ કર્યું છે.

ખેડુતો હરખાયા : મુરઝાતા ખેતીના વિવિધ પાકોને જીવતદાન મળ્યું

ભિલોડામાં વહેલી સવારે મેહુલીયો વરસ્યો

આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા : વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી



ભિલોડા, તા.૨૮ અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે આજે વહેલી સવારે વાતાવરણમાં પલટો આવ્યા બાદ મેહુલીયો વરસ્યો હતો.ભિલોડા તાલુકામાં વહેલી સવારે હળવું વરસાદી ઝાપટુ વરસતાં ખેડુતોમાં ખુશીની લહેર પ્રસરી એકદંરે પ્રસરી હતી.ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાઈ રહ્યા હતા.ચોમાસાની શરૂઆતથી આજ દિન સુધીમાં ધીમી ધારે વરસાદ વરસતાં ખેતીનો રૂઆબ મેઘરાજાએ બદલ્યો છે.મુરઝાતા ખેતીના પાક જેવા કે કપાસ,મકાઈ,તુવેર,સોયાબીન,મગફળી સહિત વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળતાં ખેડુતો હરખાયા હતા.ભિલોડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં તળાવો,નદીઓ સુક્કી ભઠ્ઠ જોવા મળતાં પ્રજાજનો ચિંતીત છે.મેઘરાજાએ ધીમી ધારે મહેર કરતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.વહેલી સવારે વરસાદ વરસાતા ઠેર-ઠેર નીચાણવાળા હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતાં રાહદારીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.મેઘમહેરથી માર્ગો ઉપર અને ખાડા ખાબોચીયાઓમાં વરસાદી ભરાતાં ઠેર-ઠેર કાદવ-કિચડનું સામ્રાજ્ય ફેલાતાં માખી,મચ્છરોનો ઉપદ્રવ દિન-પ્રતિ-દિન ચોમાસાની સિઝન દરમ્યાન વધી રહ્યો છે.આકાશમાં ગોરંભાતા કાળા ડીબાંગ વાદળો વરસ્યા વિના જ આગળ વધતા ધોધમાર વરસાદની આશા ઠગારી નિવડી હતી.મેહુલીયો મન મુકીને વરસે તેવી આશા સાથે ખેડુતોની નજર આકાશ તરફ મંડાઈ છે.આકાશમાં ગોરંભાતા વાદળો વચ્ચે મેઘરાજા જાણે કે મિસકોલ કરીને સ્વીચ ઓફના મોડમાં ગાયબ થઈ જાય છે.ચોમાસુ સિઝન દરમ્યાન વરસાદી માહોલ છવાયો છે પરંતુ હજુ સુધી આ વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો નથી ત્યારે સૌ-કોઈ ચિંતીત છે.ભિલોડા તાલુકામાં ક્યાંક-ક્યાંક છુટા છવાયા વરસાદી ઝાપટા-હળવો વરસાદ થઈ રહ્યો છે.

હિંમતનગરના યશસ્વી બંગ્લોઝમાં પરિવાર સૂતો રહ્યો : નિશાચરો કલા કરી ગયા

હિંમતનગર,તા. ૨૮ હિંમતનગરના મહાવીર નગર વિસ્તારમાંથી પસાર થતા બેરણા રોડ પર આવેલા યશસ્વી બંગ્લોઝના એક મકાનમાં શુક્રવારે રાત્રે પરિવાર મકાનના ઉપરના માળે એસીમાં સુતો હતો ત્યારે અજાણ્યા તસ્કરોએ આવી બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી અંદાજે રૂા. ૨૨ હજારથી વધુની રોકડની ચોરી કરી અન્ય ઘરવખરી રફેદફે કરીને જતા રહ્યા હતા જે અંગે મકાન માલિકે અજાણ્યા શખ્શો વિરુદ્ધ શનિવારે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટશનમાં ચોરી થયાની લેખિત જાણ કરવા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે યજશ્વી બંગ્લોઝમાં રહેતા તથા ભિલોડા તાલુકાના મઉ ગામના પૂર્વ સરપંચ ભરતસિંહ ચંપાવતે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કરેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ શુક્રવારે રાત્રે તેમનો પરિવાર મકાનના ઉપરના માણે આવેલા એસી રૂમમાં નિંદ્રા માણી રહ્યો હતો ત્યારે કેટલાક અજાણ્યા શખ્સોએ તેમના ઘરમાં પ્રવેશ કર્ય હતો. ત્યારબાદ રૂમમાં રાખેલી તિજોરી તોડીને તેઓએ અંદાજે રૂા. ૨૨ હજારથી વધુ રોકડ રકમની ચોરી કરી હતી.

સાઠંબા-ગાબટ વચ્ચેનો માર્ગ બિસ્માર હાલતમાં : માર્ગ નવો બનાવવા લોક માંગ

બિસ્માર માર્ગથી અકસ્માતો વધ્યા : વાહનચાલકો ત્રાહીમામ

મોડાસા,તા ૨૮ અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબા થી ગાબટ વચ્ચેના બિસ્માર બનેલા માર્ગથી આ માર્ગ ઉપર અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ છે અને પ્રજા પણ બિસ્માર માર્ગથી ત્રાહીમામ પોકારી ઉઠિ છે ત્યારે આ માર્ગ તાકીદે નવો બનાવવા પ્રજામાં માંગ ઉઠી છે.

સાઠંબા થી ગાબટ વચ્ચેનો માર્ગ છેલ્લા કેટલાય સમયથી બિસ્માર બન્યો છે અને આ માર્ગ ઉપર બાયડ માલપુરના પૂર્વ ધારાસભ્યનુ પણ નિવાસ સ્થાન આવેલુ છે ત્યારે પૂર્વ ધારાસભ્યના ઘર તરફ જતો માર્ગ જ બિસ્માર હોવાથી મતવિસ્તારના લોકો પણ આ માર્ગથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને આ માર્ગ બિસ્માર બન્યો હોવાથી આ માર્ગ ઊપર ઠેર ઠેર ગુંટણસમા ખાડા પડ્યા છે જેમાં ચોમાસા દરમિયાન આ ખાડામાં પાણી ભરાય રહેતા વાહન ચાલકો પણ ખાડામાં જાણે અજાણે ખાબકતા આ ખાડાથી દીનપ્રતિદિન અકસ્માતો વધ્યા હોવાથી વાહન ચાલકો પણ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને સાબરકાંઠામાંથી અરવલ્લી જીલ્લો વિભાજીત થયો હૌવાથી સાઠંબા વિસ્તારની પ્રજાને પણ આ માર્ગ ઊપર થઈને અરવલ્લી જીલ્લાના વડા મથક મોડાસા માટે અવારનવાર જવુ પડતુ હોય છે તેમજ ઊચ્ચ કક્ષાની કોલેજો પણ મોડાસામાં આવેલ હોવાથી પ્રજાને અને વિદ્યાર્થીઓને પણ આ બિસ્માર માર્ગ પર થઈને અપડાઉન કરવુ પડતુ હોવાથી વિદ્યાર્થીઓ,વાહન ચાલકો અને પ્રજા પણ બિસ્માર માર્ગથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે ત્યારે સાઠંબા ગાબટ વચ્ચેનો બિસ્માર માર્ગ પાકો બનાવવા પ્રજામાં માંગ ઉઠી છે.